श्रीपुण्यसागरसूरिकृत

# सूतक चोपाई

सं. मुनि कल्याणकीर्तिविजय

सूतक एटले जन्म तेमज मृत्युना अवसरे पाळवामां आवतो एक रिवाज. आ रिवाज भारतवर्षमां हजारो वर्षोथी परम्परागत प्रचलित/स्वीकृत छे. जेना घरमां पुत्रादिनी प्रसूति थई होय अथवा मृत्युनी घटना घटी होय. तेनाथी देवपूजा/जिनपूजा न थाय, तथा तेना घरनो आहार मुनिओथी न लेवाय - आवी शास्त्रमान्य परम्परा छे; अने तेना नियमो केवा केवा होय छे तथा ते नियमो अंगेनो निर्देश कय. शास्त्रग्रन्थमां सांपडे छे, तेनुं वर्णन आ चौपाईमां थयुं छे.

केटलाक लोको सूतकमां मानता नथी. तो पश्चिमी संस्कारना प्रभावमां आवेलो वर्ग वळी आ बधी बाबतोने अन्धश्रद्धा-वहेम वगेरे-रूपे विचारे छे. ते बन्ने प्रकारना लोकोने माटे शास्त्रानुसारी आ चौपाई घणी मार्गदर्शक बनी शके.

रजस्वला स्त्रीओ अंगेनी जे शास्त्रीय मान्यता तथा परम्परा छे, तेनुं पण आमां निरूपण थयुं छे. आजे आ बाबतनी मर्यादा ज्यारे नामशेष थवा जई रही छे, त्यारे ते मर्यादा केटलीबधी शास्त्रोक्त तथा अनिवार्य छे ते समजवामां आवी रचना घणी उपकारक थाय तेम छे.

अंचलगच्छीय आ. पुण्यसागरसूरिए सं. १९०६ मां जखौ (कच्छ) बन्दरना पोताना चातुर्मास दरम्यान आ चौपाई रची होवानो उल्लेख कडी-३०-३२ मां छे.

अचलगच्छ ज्ञानभण्डार-मांडवी-कच्छमांथी प्राप्त थयेल बे प्रतिओने आधारे आ सम्पादन करवामां आव्युं छे. ते ज्ञानभण्डारना कार्यवाहकोनो ऋणस्वीकार करुं छुं.

## सूतक चोपाई

।। अथ सुतकनी चोपई लख्यते ।।

श्रीसरसती देवी समरू माय, सहगुरुनें बलि लागुं पाय ।
**विचारसार** ग्रंथथी हुं कहुं, ते परमारथ जांणों सहु ।।१।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सुतक तणो हुं कहुं विचार, सांभलजो नर-नारी सार ।
जेहनें घरें जन्म थाइं ते जाण, दश दिवसनो कह्यो परीमांण ॥२॥
एतलो पुत्रजन्मनों सार, पुत्री जन्में दिवस ईग्यार ।
मृत्यु घरनों सुतक दिन बार, ते घरें साधु न वोहरें आहार ॥३॥
ते घरनो जल अग्नी जांण, जिनपुजा नवी सुझे सुजांण ।
इंम **निशीथचुर्णी** माहें कह्यौ, एह तत्वारथ गुरुमुखथी लह्यौ ॥४॥
**निशीथ सोलमें उदेसें** सार, ए महंत मुंनी कहें अणगार ।
जन्म तथा मरण-घर जांणों सहु, दुगंछनीक गुरुमुखथी लहुं ॥५॥
इंम [१]**व्यवाहर( व्यवहार )भाष्य**मां वली, इंम भांषे सुधा साधु केवली ।
**मलयगिरी कृत टीका** जांण, दस दिवस जन्म सूतक प्रमांण ॥६॥
हवे सांभलजों जिनवांणी सार, इंम भांषे सुधा अणगार ।
**विचारसार प्रकर्णे** सार, इंम भांषे श्री जिन-गणधार ॥७॥
मास एक स्त्रीनें सार, प्रतिमा दर्शन न करें विचार ।
दिवस च्यालीस जिनपुजा सार, न करे स्त्री ए व्यवहार ॥८॥
**साधु पिण नवी लिइं आहार,** तिहां सुतक कहे अणगार ।
तेहनां घरनां मांणस होय, जन्म-मरणनो सुतक जोय ॥९॥
न करे पुजा दिन बार ते जांण, समझी करजों चतुर सुजांण ।
मृत्युने अडकणहारा कह्या, चोवीस पोहर तें साचा कह्या ॥१०॥
वली पडिकमणांदिक न करे जांण, इंम भांषे छें त्रिभूवन भांण ।
वे[२]शनां पलटणहारा कह्या, आठ पोहर तें साचा सदह्या ॥११॥
कांध देणहारा मृत्युनें जांण, वली अन्य ग्रंथमें जांणों सुजांण ।
सोल पोहर पडीकमणों नवी कह्यो, ए जिन भांख्यो आगमथी लह्यो ॥१२॥
जन्मनों सूतक दस दिन सार, जन्मने थानक मास विचार ।
घरनां गोत्रीनें दिन पांच, सुतक टालें गुरु भांषें साच ॥१३॥
जन्म हुओ ते ज दिनें जो मरे, वली देशांतर फरतों मरें ।
संन्याशी अनेरो मृत्युक होय, तो दिन एक सुतक जांणों सोय ॥१४॥

---

१. विवहार अ. ॥
२. मृतकनां वस्त्रो बदलावनारा ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दास दासी घरमें मृत्युक होय, दिन [2]एक-वे-त्रणनों सुतक जोय ।
आठ वरसथी निचा मरें सिशु, तो दिन आठनो सुतक इस्युं ॥१५॥
[3]इंम जन्म-मरणनो सुतक कह्यो, अन्य ग्रंथमां इंम ज कह्यो ।
वली **विचारसार** मांहें सार, इंम भांपे छें श्रीअणगार ॥१६॥
ऋतुवंती नारी तणो विचार, त्रिण दिन लगें भांडादिक सार ।
नवि छवें कुलवंती नार, पडिकमणादिक दिन च्यार निवार ॥१७॥
तपस्या करतां लेखे सही, दिन पांच पछें जिनपुजा करी ।
वली स्त्रीनें रोगादिक होय, दिन त्रण ओलंघ्या सोय ॥१८॥
दिठा मांहे रुधिर आवे सही, तो तेहनों दोस म जांणों सही ।
विवेकें करी पवित्र थाइं नार, पछे जिनदर्शनथी लहे भव पार ॥१९॥
इंम जिनप्रतिमा पूजा करो, जिम भवसायर लीलाइं तरो ।
वली साधुसुपात्रें दीजें दांन, जिम पांमो तमें अमरविमांन ॥२०॥
जिनपडिमानी अंगपूजा सार, न करे ऋतुवंती ते नार ।
इंम **चर्चरीग्रंथ** मांहें विचार, ए परमारथ जांणों सार ॥२१॥
वली भांष्यों छे सुतक विचार, [4]भांष्युं सहगुरुनें आधार ।
तिर्यंचतणों लवलेस ज कहुं, ते आगमथी जांणों सहु ॥२२॥
घोडा उंट[5] भेंस घरमां होय, प्रसवे दिन एक सुतक जोय ।
गाय प्रमुखनों मरण जव थाय, कलेवर घरथी बाहिर जाय ॥२३॥
एतली वेला सुतक होय, वली दास [6]दासीकन्या घरमां होय ।
जन्म होयनें मृत्युं जांण, त्रन रात्रनों होय प्रमांण ॥२४॥
जेतला मासनो गर्भ ज पडे, तेतला दिवसनो सुतक नडे ।
भेंस वीहाया दिन पंनर दुध, ते मांहे तो कहीइं असुध ॥२५॥
गौ दुधनों कह्यौ [7]प्रमांण, दिवस दस तें जांणों गुणजांण ।
छाली दिन आठ [8]पछें ते दुध, ते मांहे दुध तें कहीइ असुध ॥२६॥

---

२. एक-वेनो त्रणननों व. ॥
३. जन्म-मरणनो सुतक इंमज कह्यो व. ॥
४. भाषुं सहगुरु तणे आधार अ. ॥
५. उठ व. ॥
६. दाशी घरमां कन्या व. ॥
७. परिमांण अ. ॥
८. पछी अ. ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गौमुत्रमांहे चोवीस पोहर, समुछिम जीव उपजें ते जोर ।
सोल पोहरनी भेंसनी नीती मांहें, समुर्छिम जीव उपजें ते मांहे ॥२७॥
द्वादश पोहर बकरी नीति मांहें, आठ पोहर गाडरनीती ज्यांहें
एहमां समुछिम उपजे सही, एह बात गुरुमुखथी लही ॥२८॥
ए सुतकनो कह्यो विचार, थोडामांहें भांष्यो सार ।
सुतकविचार आगममांहे कह्यौ, जिनेश्वरमुखथी सुधो लह्यौ ॥२९॥
सोहमसुद्धपरंपरा जांण, तेजे करी दिपें जिम दिनभांण ।
**श्रीअचलगछें** वांदु अणगार, **श्रीपुंण्यसिंधुसूरीश्वर** सार ॥३०॥
भणे सांभलें जे नरनार, चाले ते तो शुद्धाचार ।
अनुक्रमें अमरविमांने सोहाय, रयण आभुषण धरी मुक्तें जाय ॥३१॥
संवत ओगणीश छीलोतरा (१९०६) सार, श्रावणकृष्ण पंचमी कही हितकार ।
**श्रीजखौबिंदर** चोमासुं करी, चोपई सुतकनी कही थिर करी ॥३२॥
श्रावक श्राविका पालस्ये जेह, श्रीजिन आणांइं चाले तेह ।
सर्वारथसिद्धतणां सुख सार, वली मुक्तितणां सुख लहेस्यें निर्धार ॥३३॥

॥ [१]इति श्रीसुतकनी चोपई संपुर्ण ॥

## कठिन शब्दो

| कडी क्र. | शब्द | अर्थ |
|---|---|---|
| ५ | दुगंछनीक | जुगुप्सनीय-जुगुप्साजनक |
| ६ | सुधा | शुद्ध |
| ११,१२ | पडिकमण | प्रतिक्रमण- जैन धर्मनी आवश्यक क्रिया |
| १४ | मृत्युक | मृतक/मरनार |
| २५ | वीहाया | वीयाय, प्रसूति करें |
| २६ | छाली | बोकडी / घेटी |
| २७ | समुर्छिम | स्वयमेव उद्भवतां जन्तुओ |
| २७ | नीती | मूत्र / लघुनीति |

★

१. इति श्रीसुतक छंद संपूर्णम् ॥ संवत् १९०६ श्रावण वद ५ तिथौ ॥ अ. ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org